**આંક :–**
દાખલ તારીખ :– ૧૩ / ૦૨ / ૨૦૨૬ .
રજિસ્ટર તારીખ :– ૧૩ / ૦૨ / ૨૦૨૬ .
નિકાલ તારીખ :– ૨૧ / ૦૮ / ૨૦૨૬ .
**સમયગાળો :– વર્ષ માસ દિવસ**
– – – – – – – – – – – – – – – – –

**બોડેલી ના મહે.ચીફ અધિક જયુડિશિયલ મેજિસ્ટ્રેટની કોર્ટમાં,**
**મુ. તા. બોડેલી–છોટાઉદેપુર .**

***ફોજદારી કેસ નંબર : ૩૪૯ / ૨૦૨૬ .***
– – – – – – – – – – – – – – –

**શ્રી સરકાર..... ====ફરિયાદી.**

***વિરૂધ્ધ***
**મુન્નાભાઇ રૂપસિંગભાઇ તડવી ==== આરોપી.**
ઉ.વ : પુખ્ત, ધંધો : મજૂરી,
રહેવાસી : સદ્ધામ ફળીયા જબુગામ ,તા.બોડેલી,જિ. છોટાઉદેપુર
==== = = = = = = = = = = = = = = = = = = = = = = = = =
= = =
**ગુનો :– પ્રોહીબીશન એકટની કલમ : ૬૫(એએ) મુજબનો....**
= = = = = = = = = = = = = = = = = = = = = = = = = = = = = = =

ફરિયાદપક્ષ તરફે :– વિધ્વાન એ.પી.પી. શ્રી વાય. આર. દરજી
આરોપીપક્ષ તરફે :– વિધ્વાન વકીલ શ્રી યુ.એચ.રાઠવા

= = = = = = = = = = = = = = = = = = = = = = = = = = = = = = =

**– : ચુ કા દો : –**
– – – – – –

૧. આ કામે ફરિયાદપક્ષની ટૂંકમાં હકીકત એવી છે કે, આ કામના આરોપીએ ગે.કા વગર પાસ પરમીટે પોતાના કબજા ભોગવટાના મકાનમાં દેશી દારૂ લીટર– ૦૫ કિંમત રૂા. ૧૦૦૦ /– નો મુદામાલ રાખી ધી ગુજરાત પ્રોહિબીશન એકટની કલમ : ૬૫(એએ) મુજબના ગુનાની ફરિયાદ ફરિયાદી સંબંધિત પોલીસ સ્ટેશનમાં આપતા સંબંધિત પોલીસ સ્ટેશન ધ્વારા આ બનાવની ફરિયાદ નોંધી આગળની કાર્યવાહી હાથ ધરેલી, આરોપી વિરુધ્ધ ગુનાની તપાસ પોલીસ સ્ટેશન ધ્વારા હાથ ધરવામાં આવતા આ ગુનાની તપાસ કર્યા બાદ તપાસના

અંતે તપાસ અમલદાર દ્વારા હાલનું ચાર્જશીટ કરેલ છે. આરોપી વિરુધ્ધ સમન્સ ઈસ્યુ કરતા તેઓ અત્રેની અદાલત સમક્ષ હાજર થયેલ છે, ત્યાર બાદ આરોપીને ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ : ૨૦૭ અન્વયે ચાર્જશીટની નકલ આપવામાં આવેલ છે.

૨. વધુમાં સદર કામે આગળ વધતા પહેલા એ નોંધનીય છે કે, **નામદાર ગુજરાત વડી અદાલત દ્વારા નિર્ણીત ક્રી.મીસ.એપ્લી નં–૮૮૯૨–૨૦૧૮ જયંતીભાઇ મકનભાઇ ડામોરના** ચુકાદામાં એવું ઠરાવેલ છે કે, પ્રોહી એક્ટ અન્વયેના ગુનાઓ ટ્રાયલ બાય મેજીસ્ટ્રેટ છે. જેથી સદર ચુકાદાના નિર્ણયાધારને ધ્યાને લઇ આ કામના આરોપી વિરુધ્ધ ક્રી.પ્રો.કોડની કલમ–૨૪૦ અન્વયે આંક – ૦૪ થી તહોમતનામુ ફરમાવી આરોપીની આંક–૦૫ થી પ્લી રેકર્ડ કરવામાં આવેલ છે. જેમાં આરોપી એ ગુનાનો ઈન્કાર કરી કેસ આગળ ચલાવવાની માંગણી કરતાં હાલનું કામ ફરિયાદપક્ષના પુરાવા પર રાખવામાં આવેલું.

3. ફરિયાદપક્ષે તેમના કેસના સમર્થનમાં નીચે મુજબનો મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવો રજૂ કરેલ છે :–

**–: મૌખિક પુરાવો :–**

| **ક્રમ** | **સાહેદનું નામ** | **આંક** |
|---|---|---|
| ૧ | ફરીયાદી ઉપેન્દ્રસિંહ રમણભાઇ ની જુબાની | ૦૮ |
| ૧ | પંચ સાહેદ વિક્રમભાઇ કંચનભાઇ રાઠવા ની જુબાની | ૧૨ |
| ૨ | પંચ સાહેદ  ગીરીશભાઇ વદેસિંગભાઇ રાઠવા ની જુબાની | ૧૪ |
| ૨ | ત.ક.અ ધનસુખભાઇ ઠાકરસિંગભાઇ ની જુબાની | ૧૫ |

**– : દસ્તાવેજી પુરાવો:–**

| **ક્રમ** | **દસ્તાવેજની વિગત.** | **આંક** |
|---|---|---|
| ૧ | પંચનામુ | ૧૩ |
| ૨ | ફરીયાદ | ૦૯ |

૪. ફરિયાદ પક્ષનો પુરાવો પૂરો થતાં આ કામના આરોપીનું ક્રિમિનલ પ્રોસીજર કોડની કલમ : ૩૧૩ મુજબનું વિશેષ નિવેદન નોંધવામાં આવેલ છે.

૫. ત્યાર બાદ ફરિયાદપક્ષ તરફે વિધ્વાન એ.પી.પી.શ્રી ની તથા આરોપી તરફે વિધ્વાન વકીલ શ્રીની દલીલો સાંભળી.

૬. આ કામના નિર્ણય અને નિકાલ માટે મારી સમક્ષ નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે :–

મુદ્દા નં.(૧). શું ફરિયાદપક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, શું આ કામના આરોપીએ ગે.કા વગર પાસ પરમીટે પોતાના કબજા ભોગવટાના મકાનમાં દેશી દારૂ લીટર– ૦૫ કિંમત રૂા. ૧૦૦૦ /– નો મુદામાલ રાખી ધી ગુજરાત પ્રોહિબીશન એકટની કલમ : ૬૫ (એએ) મુજબનો શિક્ષા પાત્ર ગુનો કરેલ છે ?

મુદ્દા નં. (૨). શું હુકમ ?

૭. ઉપરોકત મુદ્દાઓના મારા નિર્ણયો નીચે દર્શાવેલા કારણોસર નીચે મુજબ છે :–

મુદ્દા નં. (૧). નકારમાં.

મુદ્દા નં. (૨). આખરી હુકમ મુજબ.

**<u>– : નિર્ણયના કારણો : –</u>**

૮. **મુદ્દા નં.૧ : –**

આ કામે રેકર્ડ પર આવેલ પુરાવાનું વિશ્લેષણ કરવામાં આવે તો આ કામે આંક– ૧૨ થી ૧૪ તપાસવામાં આવેલ સ્વતંત્ર પંચ સાહેદોએ આંક– ૧૩ વાળા રીકવરી પંચનામાની હકીકતને સમર્થન કરતો કોઈ પુરાવો આપેલ નથી.વધુમાં, આ કામે ફરીયાદપક્ષે આંક– ૦૯ થી તપાસેલ ફરીયાદી તેમની જુબાનીમાં ફરીયાદ હકીકતને સમર્થન કરતો પુરાવો આપે છે.પરંતુ ફરીયાદી તેમની ઉલટ તપાસમાં એ હકીકતનો સ્વિકાર કરે છે કે, ફરીયાદમાં પંચોના નામ જણાવેલ નથી. આમ, ફરીયાદીની ઉલટ તપાસ ધ્યાને લેતાં ફરીયાદપક્ષ બનાવવાળી જગ્યાએથી પંચોની હાજરીમાં મુદ્દામાલ કબજે કરેલાની હકીકત નિ:શંકપણે પુરવાર કરી શકેલ નથી. આ

સંજોગોમાં જયારે સ્વતંત્ર પંચ સાહેદએ પંચનામાની હકીકતને સમર્થન કરતો કોઈ પુરાવો આપેલ નથી. આમ,ફરીયાદ પક્ષ ફરીયાદની હકીકતો પુરવાર કરી શકેલ નથી ત્યારે આરોપીને ઉપરોકત ગુનાના કામે સજા કરી શકાય નહિ તેવું મારું માનવું છે. જેથી આ કામે ન્યાયના હીતમાં નીચે મુજબનો આખર હુકમ ફરમાવું છું.

**<u>– : હુકમ : –</u>**

આ કામના આરોપીને ફોજદારી કાર્યરીતી સંહિતાની કલમ–૨૪૮(૧) અન્વયે ધી ગુજરાત પ્રોહિબીશન એકટની કલમ–૬૫(એએ) મુજબના ગુનામાંથી નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

આરોપીએ ફોજદારી કાર્યરીતી સંહિતાની કલમ–૪૩૭(એ) અન્વયે અપીલ અદાલત સમક્ષ હાજર થવા સારુ રૂા.૫,૦૦૦/–(અંકે રૂપિયા પાંચ હજાર પુરા) ના સધ્ધર જામીન તથા તેટલી જ રકમના જાતમુચરકા રજુ કરવા.

આજ રોજ તારીખ : ૨૧ મી, માહે : ઓગષ્ટ ,સને : ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

તારીખ :– ૨૧ / ૦૮ / ૨૦૨૬ .
સ્થળ:– બોડેલી–છોટાઉદેપુર .

( એસ.એન ધાસુરા)
કોડ નં.જી.જે.૦૦૮૯૬
એડી. ચીફ જયુ.મેજી.બોડેલી.

પ્રવિણ.કે.રાઠવા